એસપીજીના ફેનિલ પટેલ જિલ્લા યુવક કોંગ્રેસના મહામંત્રી પદે નિમાયા

ગાંધીનગર,તા. ૨૫

ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલય ખાતે ગાંધીનગર જીલ્લા શહેર યુથ કોંગ્રેસ ટીમ ની રીવ્યુ બેઠક યોજાઈ હતી જેમા પ્રદેશ યુથ કોંગ્રેસ ની મંજુરીથી ગુજરાત યુથ કોંગ્રેસ ના પ્રભારી હેમંત દોગલે સાહેબની હાજરીમા જીલ્લા ના હોદ્દેદારોની નિમણૂંક કરવામા આવી હતી જેમા ફેનિલ પટેલ ની ગાંધીનગર જિલ્લાના યુથ કોંગ્રેસના પ્રવકતા તથા મહામંત્રી તરીકે નિમણૂંક કરવામા આવી હતી તેમજ ઉપપ્રમુખ પદે બિહોલા મિતેશસિંહ, પટેલ રજનીકાંત, બારોટ હેપ્પી તથા રબારી જીગ્નેશકુમારની નિમણૂંક કરવામા આવી હતી.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં નારાયણ દેસાઈ સ્મૃતિ દિવસ ઉજવાયો

ચિલોડા, તા. ૨૫

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરામાં પૂર્વ કુલપતિ નારાયણ દેસાઈની જન્મજયંતિ નિમિત્તે નારાયણ દેસાઈ સ્મૃતિ વ્યાખ્યાન ઓનલાઈન યોજાયું. ગૂજરાત વિદ્યાપીઠના માનદ્ નિયામક (વિસ્તરણ) ડૉ. રાજેન્દ્ર ખીમાણીના અધ્યક્ષતામાં યોજાયા સૌથી વધુ નજીકમાં નજીક રહેનારા ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ નારાયણ દેસાઈના નિત્ય કાંતણ, શુદ્ધ ખાદી પરિધાન, નિત્ય ડાયરી લેખન, નિત્ય સ્વાધ્યાય, નિત્ય લેખન કાર્ય જેવા સદ્ગુણોને સાંપ્રત સમયની યુવાપેઢી સમજે અને સદ્ કાર્યો કરવામાં લાગી જાય તેવી સુંદર માહિતી આપી હતી.

જાપાનતી ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી વિચારનો અભ્યાસ કરીને સ્વદેશ જાપાનથી વિડીયોક્લિપ મોકલી આપનાર કાઓરી કોશીહારીએ નારાણય દેસાઈ સાથે રહી ગાંધી વિચારો પચાવી જાપામાં ફેલાવો કરવા માટેની કામગીરીનું સુંદર વર્ણન કર્યું હતું. ઉપરાંત કારોઈ કોશિયારીએ વિદ્યાપીઠના સેવકો દ્વારા અને પૂજ્ય દાદાની તેમના જીવન ઉપર થયેલી અસરો વિશેની અદ્ભૂત વાતો ઓછા સમયમાં સૌ સમક્ષ મૂકી. બીજા મુખ્ય વક્તા ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય કે જે ગુજરાતી સાહિત્યના કવિયત્રી છે. વિભાગીય અધ્યક્ષ છે અને દૂરદર્શનમાં કવિ સંમેલનમાં ઉદ્ઘોષક છે - કવિતાનું પઠન કરે છે એવા ડૉ. ઉષાબહેન ઉપાધ્યાયએ નારાયણ દેસાઈના સાહિત્ય સર્જન અને લખેલાં પુસ્તકોની ઝાંખી કરાવી તેમને મળેલાં વિવિધ અનેક પારિતોષિકોની યાદી આપી હતી.

ખેડા જિલ્લા ભાજપના શહેરી અને ગ્રામીણ મંડળના ઈન્ચાર્જ નિમાયા

સાંસદ દેવસિંહજી ચૌહાણ, મુખ્યદંડક પંકજભાઈ દેસાઈ અને ભાજપ જિલ્લા પ્રમુખ અર્જુનસિંહ ચૌહાણે સૌને અભિનંદન પાઠવ્યા

ખેડા, તા. ૨૫

ખેડા જિલ્લામાં ભાજપના સંગઠનને પાયામાંથી મજબૂત કરવા માટે પ્રદેશ ઈન્ચાર્જ જયસિંહ ચૌહાણ દ્વારા સૌની સાથે પરામર્શ કરીને શહેર તથા ગ્રામીણ મંડળના ઈન્ચાર્જોની નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ હોદ્દેદારોને સાંસદ દેવુસિંહજી ચૌહાણ, મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ તથા જિલ્લા ભાજપના પ્રમુખ અર્જુનસિંહ ચૌહાણ, ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી વગેરેએ અધિકારીને અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લાના પ્રદેશ દ્વારા નિયુક્ત ઈન્ચાર્જ જયસિંહ ચૌહાણ દ્વારા જિલ્લા ઈન્ચાર્જ પદે વિપુલભાઈ પટેલ, તથા વિમલભાઈ ઉપાધ્યાયની નિમણૂંક કરાઈ છે. જયારે ખેડા તાલુકાનાં બહારનાં મંડળમાં નિયુક્ત ઈન્ચાર્જ પદે ચંદ્રેશભાઈ પટેલ અને સ્થાનિક સુરેશભાઈ વાઘેલા, માતર તાલુકામાં કનુભાઈ ડાભી અને વિપુલભાઈ કા. પટેલ, વસો તાલુકામાં સુરેશભાઈ ભટ્ટ અને ભેમાભાઈ રાઠોડ, નડિયાદ તાલુકામાં દશરથભાઈ પટેલ અને પ્રવિણભાઈ પટેલ, મહુધા તાલુકામાં રાકેશભાઈ રાવ અને સંજયભાઈ પટેલ, ઠાસરા તાલુકામાં મહેશભાઈ પટેલ અને યોગેન્દ્રભાઈ પરમાર, ગળતેશ્વર તાલુકામાં નરેશભાઈ શાહ અને એફ.યુ. ચૌહાણ, જયારે શહેરી મંડળમાં નડિયાદમાં વિનુભાઈ પટેલ, અને નહુસભાઈ પટેલ, કણજરીમાં ધીરજસિંહ પરમાર અને સુરેન્દ્રભાઈ પટેલ, ઠાસરા શહેરમાં રાજેશભાઈ પટેલ (રાધી) અને રોનકભાઈ પટેલ તથા કઠલાલ શહેરમાં મણિભાઈ એમ. પટેલની નિમણૂંક કરવામાં આવી છે.

આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપના તમામ ઉમેદવારોને વિજય પ્રાપ્ત થાય તેવા સઘન પ્રયાસોના ભાગરૂપે તથા જિલ્લા સંગઠનને વધુ કટિબદ્ધ બનાવવાના ભાગરૂપે આ નિમણૂંકો કરાઈ છે.

આર એન પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

આર એન પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મોર, ફુલ, દીવો, વાંસળી, સ્વસ્તિક વગેરે જેવી રંગોળી દોરી હતી. સ્પર્ધાનું સંચાલન રાજેન્દ્રભાઈ પટેલ તથા આશિષભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ.એસ.વી.કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા ક્રિસમસ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખાતે આવેલ એસ.એસ.વી કેમ્પસમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિના સમન્વય સ્વરૂપે વિદ્યાર્થીઓ દ્વારા ૨૫ ડિસેમ્બરે બે તહેવારો એક સાથે ઉજવણી કરવામાં આવી. ક્રિસમસ એટલે કે નાતાલ અને ભગવદ્ ગીતા જયંતી.

વિદ્યાર્થીઓ દ્વારા નાતાલ પર્વ ના નિમિત્તે ક્રિસમસ ટ્રી ની સજાવટ ડાન્સ, સ્પીચ જેવી અનેક વિધ પ્રવૃતિઓ કરવામાં આવી. શ્રીમદ્ ભગવદ્ ગીતા ૫૫૦૦ વર્ષ પહેલા લખવામાં આવેલ હિન્દુઓનો પવિત્ર ધર્મ ગ્રંથ. હિન્દુ કેલેન્ડર પ્રમાણે માગશર મહિનાના શુકલ પક્ષની અગિયારસના દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કુરુક્ષેત્રના મેદાનમાં ગીતાસાર આપવામાં આવ્યો હતો.જે આજે કળિયુગમાં પણ જીવનની હર મુશ્કેલીનો સામનો કરવા માટેનો એક રામબાણ ઈલાજ છે.

એક હાથમાં શ્રીમદ ભગવત ગીતા અને એક હાથમાં ક્રિસમસ ટ્રી નો સમન્વય તો ફક્ત એસએસવી જેવા વિદ્યાર્થીઓ દ્વારા જ જોવા મળે.

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન ક્રિસમસ ડેની ઉજવણી

ગાંધીનગર,તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ :૩ ની વિદ્યાર્થીની બહેનોને કિસમસ (નાતાલ) પર્વની પ્રવૃતિ કરવામાં આવી હતી.

ધોરણ ૩ ની વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવી અને સતત નવું કરવાની જીજ્ઞાશા વધારવા આ પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રવૃતિનું આયોજન શાળાના સુપરવાઈઝર ભગવતીબેન પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષિકા શ્રી માયાબેન પટેલે કર્યું હતું.તથા શાળાના આચાર્યાશ્રી નીરૂબેન પટેલે વિદ્યાર્થિની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

ગીતા જયંતિ મહોત્સવની હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે થયેલ ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

હરેકૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૦ શુક્રવારના રોજ ગીતા જયંતિ મહોત્સવની ખૂબ જ ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી જેમાં ભગવદ-ગીતાના ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોકનું પઠન કરવામાં આવ્યું હતુ. મહોત્સવ દરમ્યાન હરેકૃષ્ણ મંદિરના અધ્યક્ષ હીસ ગ્રેસ શ્રી જગનમોહન કૃષ્ણ દાસા એ ભગવદ-ગીતાનું મહત્વ સમજાવતા પરિસંવાદ કર્યો હતો. ગીતા જયંતિ ઉત્સવના ઉપક્રમે "ગીતામંડપ" નુ નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મંડપમાં કૃષ્ણકૃપામૂર્તિ શ્રીલા પ્રભુપાદ દ્વારા "ભગવદગીતા-યથાસ્વરૂપે" માં વિશેષ રીતે કરેલ નોંધની આવૃતિ તેમજ તેની વિશ્વની આશરે ૮૩ જેટલી જુદી-જુદી ભાષાઓમાં રૂપાંતરીત થેયલ કૃતિઓ મુકવામાં આવી હતી. ઉત્સવ દરમ્યાન ભક્તિ સંગીત કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો અને અંતમાં મહાઆરતી કરવામાં આવી હતી.

ગીતા જયંતિ ના મહાન પર્વના દિવસે વિશ્વના સમસ્ત વૈષ્ણવો દ્વારા ભગવદ-ગીતા માં આલેખાયલ ભગવાન શ્રીકૃષ્ણના અર્જૂન સાથે થયેલ સંવાદની ઉજવણી કરવામાં આવે છે. વર્ષો પહેલાં કુરુક્ષેત્રની યુધ્ધભૂમિ પર વિરોધી સેનાઓની મધ્યમાં



ઉચ્ચારાયેલ ભગવદ્-ગીતા ના પ્રસંગની યાદગીરીરૂપે ગીતા જયંતિ મહોત્સવની ઉજવણી આ દિવસે દરેક મંદિરોમાં, ગ્રામવિસ્તારમાં અને ઘરોમાં કરવામાં આવે છે.

ભગવદ-ગીતાનો સંદેશ તેના તત્કાલીન ઐતિહાસિક સંદર્ભની મર્યાદા ને પાર અને કાલાતીત સત્યો પ્રગટ કરે છે. પ્રશ્ન અને તેના ઉત્તરની ગોઠવણ આધ્યાત્મિક વિષયનું જ્ઞાન આપે છે જેમકે ક્રિયા અને પ્રતિક્રિયા, તેમજ જીવ અને પ્રકૃતિ વચ્ચેનો તફાવત સમજાવે છે. આ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જૂન સાથે પરમેશ્વર તથા કાલચક્રના સિધ્ધાંત વિષે ચર્ચા કરે છે.

અધ્યાય ૪ની શરૂઆતમાં ભગવદ-ગીતા તેના ઐતિહાસિક અસ્તિત્વ વિષે સમજ આપે છે જેના અસ્તિત્વનો વિચાર કરતા તે પડકારરૂપ જણાય છે. સમગ્ર વિશ્વમાં શ્રીકૃષ્ણભક્તિ નો પ્રસરાવ કરવાની ચળવળના પ્રણેતા કૃષ્ણકૃપામૂર્તિ એ.સી.ભક્તિવેદાન્તા સ્વામી શ્રીલા પ્રભુપાદ તેમના સાહિત્યમાં જણાવે છે કે ભગવદ-ગીતાનું ઉચારણ આશરે ૧૨૦,૪૦૦,૦૦૦ વર્ષો પહેલા થયેલ હતું અને માનવ સમાજમાં ૨,૦૦૦,૦૦૦ વર્ષો સુધી વિદ્યમાન હતું. આ ભગવદ-ગીતાનું આશરે ૫૦૦૦ વર્ષો પહેલા ફરીથી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા શરણાગત રૂપે ઉપસ્થિત અર્જૂન સમક્ષ ઉચ્ચારણ થયું હતુ. સ્વયં ગીતાનો અને તેનું ઉચ્ચારણ કરનાર ભગવાન શ્રી કૃષ્ણ પ્રમાણે ભગવદ-ગીતાનો આ એક વર્ણવેલ ઈતિહાસ છે.

રેડક્રોસ ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ઈશ્વરીય સેવાકાર્ય યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા દર માસે જરૂરીયાતમંદ વિધવા, વૃદ્ધ અને નિરાધાર કુટુંબોને રૂ.૧૦૦૦ના અનાજની કિટ જો પવામાં આવે છે. કીટોનું વિતરણ રેડક્રોસના રામસિંગભાઈ આમને અને જે. એન. પરીખ દ્વારા કરવામાં આવ્યું. અમદાવાદના જે. કે. પટેલના સૌજન્યથી જીન્સ પેન્ટ, રચાર્ટ અને ટી-શર્ટ ૫૦૦ નંગ, ૧૦૦ નંગ સાડીઓ, દીકરીઓના ડ્રેસ-૮૦ નંગ મધ્યમવર્ગના લોકોને આપવામાં આવ્યા. આ કાર્યમાં અશોકભાઈ રીંડાણી, આઈ.જી. પરમાર, મહિયરભાઈ અને નિલેન્દુભાઈ વોરાએ ભારે જહેમત ઉઠાવી. વસાહત મંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ બુચના સૌજન્યથી મુક્તિધામ સ્ટાફની ગરમ ધાબળા નંગ-૨૨ તથા રેડક્રોસના હર્ષાબા ધાંધલ અને ડીમ્પલબેન દેસાઈ દ્વારા મુક્તિધામ સ્ટાફ તથા અન્ય મધ્યમવર્ગને ગરમ ટોપીઓ નંગ-૧૫૦ અને ગરમ ટર નંગ-૨૨ નું વિતરણ કરવામાં આવ્યું. રેડક્રોસના ચેરમેન જીલુભા ધાધલ દ્વારા જણાવાયું હતું.

એકોનું કાર અને બાઈક ઈન્સ્યોરન્સ હવે એમેઝોન પે પર પણ ઉપલબ્ધ

એમેઝોન અને એકોની ભાગીદારીથી ઈ-કોમર્સ જાયન્ટમાં કરવામાં આવેલું આ પ્રકારનું પ્રથમ વૈશ્વિક જોડાણ છે

એકો ઈન્સ્યોરન્સ, જે ભારતની પહેલી અને સૌથી ઝડપી વિકસતી સંપૂર્ણ ડીજીટલ ઈન્સ્યોરન્સ કંપની છે, જેણે એમેઝોન પે સાથે ભાગીદારી કરી છે, જે એમેઝોન ઈન્ડીયાનું જ એક પેમેન્ટ યુનિટ છે. તેમના પ્લેટફોર્મ પર ટુ અને ફોર વ્હિલર ઈન્સ્યોરન્સ પોલિસી આપવામાં આવે છે. ગ્રાહકો હવે કોઈપણ પ્રકારનું પેપર વર્ક કર્યા વગર જ માત્ર બે મિનિટ કરતા પણ ઓછા સમયમાં ઈન્સ્યોરન્સ પોલિસી ખરીદી શકશે. આ સિવાય એમેઝોન પ્રાઈમના મેમ્બરને વધારાના ડિસ્કાઉન્ટ સહિત વધારા લાભ પણ મળશે.

આ ભાગીદારીથી એમેઝોને વીમા ક્ષેત્રે તેની અલગ છાપ ઉભી કરી છે. એમેઝોનની એકો સાથેની ભાગીદારીએ આવા પ્રકારના ક્ષેત્રમાં પ્રથમ વૈશ્વિક ભાગીદારી છે, કારણ કે આવું પહેલી વખત થઈ રહ્યુ છે કે જ્યાં એક ઈ-કોમર્સ જાયન્ટ અને ઈન્સ્યોરન્સ આપનાર બંને હવે ઓનલાઈન ઈન્સ્યોરન્સ પ્રોડક્ટસ આપવા માટે જૂથમાં જોડાયા છે.

એકો અને એમેઝોન પે ની ભાગીદારીએ ઈન્સ્યોરન્સ ખરીદવાની જટીલ પ્રક્રિયાના અનુભવને અંતે સરળ બનાવી છે. ઈન્સ્યોરન્સ ખરીદવા માટે સાદી અને સરળ સમજ વધારવાની સુવિધા આપવામાં આવે છે. જે ગ્રાહકો અમુક આસાન સ્ટેપથી પૂરી કરી શકે છે. આ સેવાઓ સિવાય ઝીરો પેપર વર્ક સાથે અવરોધ મુક્ત ક્લેઈમ પ્રક્રિયા, એક કલાકમાં પીક-અપ, ત્રણ દિવસની દાવા માટેની ખાત્રીપૂર્વકની સેવા અને પસંદગીના શહેરોમાં એક વર્ષની રિપેર વૉરંટી મળે છે, તેમજ તુરત જ સેટલમેન્ટ કરીને ઓછી કિંમતના દાવાઓની રોકડમાં ઝડપી પતાવટનો વિકલ્પ પણ ગ્રાહકો માટે મહત્તમ ફાયદાકારક છે.



આયુષ માટેના આદરણીય મંત્રી શ્રીપદ વાય નાઈક અને ધ યોગા ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈના ડાયરેક્ટર ડૉ. હંસાજી જે યોગેન્દ્રએ વર્ચ્યુઅલ ઈવેન્ટમાં સંસ્થાની ભારત અને દુનિયાભરમાં લાખો લોકોને હાઉસહોલ્ડર યોગાની સેવા પ્રદાન કરવાની ૧૦૨ વર્ષની ઉત્કૃષ્ટ સફર પૂર્ણ થવાની ઉજવણી કરી.

જન્મદિને વધામણી

કમલ કિશોર જૈન
- પ્રેસિડેન્ટ -
કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન
- વરિષ્ઠ કારોબારી સભ્ય -
ગાંધીનગર કલ્ચરલ ફોરમ

શારદાબેન ડુંગાણી
મો. ૯૯૦૯૦ ૩૪૪૯૦

જીત દિનેશકુમાર કાપડીયા
મો. ૮૪૯૦૯ ૭૮૮૯૧